

શાકમાર્કેટમાં દબાણ - શહેરના સેક્ટર-૨૧ના શાકમાર્કેટમાં જ્યાં રોજેરોજ સેંકડો નગરજનોની અવરજવર હોય છે... અને અવરજવર માટે રખાતા પર પણ શાકભાજીના ટોપલા ખડકાતા ભારે હાલાકી સર્જાય છે... હંગામી ધોરણે થતી આ હરકતોથી માર્કેટની વ્યવસ્થા અને ગ્રાહકોની અવરજવર ખોરવાય છે... શાકમાર્કેટમાં કેટલાક વેપારીઓએ તો માર્ગ વચ્ચે જ પોતાના શાકભાજીના ડીસ્પ્લે ઉભા કરી દીધા છે... જેનાથી ગંદકી તો થાય જ છે... સાથે સાથે નાગરિકોને અવરજવર કરવા માટે પણ મુશ્કેલી વેઠવી પડે છે... જ્યાં વેપારીઓ જ માર્ગ વચ્ચે દબાણ ઉભું કરી પોતાની સગવડતા સામે નગરજનો માટે અગવડતા ઉભી કરી રહ્યા છે...

# વિજ્ઞાન પ્રવાહનુ ૯મીએ પરિણામ વિદ્યાર્થીઓની ઉત્સુકતાનો અંત

**જિલ્લામાંથી ૬૩૮૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી : માર્કશીટનુ પણ વિતરણ કરાશે**

ગાંધીનગર તા ૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૯ માં લેવાયેલી વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનુ પરિણામ આગામી તા ૯ મેં ના રોજ જાહેર થશે. વિજ્ઞાન પ્રવાહમાં જિલ્લાના ૬૩૮૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. બોર્ડ દ્વારા પરિણામની તારીખ જાહેર થતા વિદ્યાર્થીઓ અને વાલીઓની ઉત્સુકતાનો અંત આવ્યો છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૯ માં લેવાયેલી ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાના પરિણામની તારીખ બોર્ડ દ્વારા જાહેર કરી દેવામાં આવી છે. વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ આગામી તા ૯ મેં ના રોજ સવારે ૮ કલાકે બોર્ડની વેબસાઈટ પર મુકવામાં આવશે. ગાંધીનગર જિલ્લાના ૬૩૮૦ વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષા આપી હતી. પરિણામની તારીખ જાહેર થાય તે માટે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ઉત્સુકતા પ્રવર્તી હતી. બોર્ડ દ્વારા પરિણામની તારીખ જાહેર થતા વાલીઓની ઉત્સુકતાનો અંત આવી ગયો છે. માર્ચ ૨૦૧૯ માં બોર્ડની પરીક્ષા આ વર્ષે સપ્તાહ વહેલી યોજવામાં આવી હતી. જયારે પરિણામ પણ દરવર્ષ કરતા વહેલુ જાહેર થતા વેકેશનમાં હળવાશ અનુભવ્યા બાદ વિદ્યાર્થીઓએ પણ હાંશકારો અનુભવ્યો છે. પરીક્ષા દરમિયાન સી સી કેમેરાની વોચ હેઠળ ગેરરીતી કરતા વિદ્યાર્થીઓને ઝડપી લેવા માટે જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા વાલીઓની હાજરીમાં હીયરીંગ પણ કરવામાં આવ્યુ હતુ. જેના અંતે કોપી કરતા વિદ્યાર્થીઓએ કબુલાત પણ કરી હતી. જો કે સી સી કેમેરાના ફુટેજનુ નિરિક્ષણ કરી શિક્ષણ તંત્રએ રીપોર્ટ બોર્ડને પણ સુપ્રત કરી દીધો છે.

આગામી તા ૯ મેં ના રોજ પરિણામ અંગે માહીતી આપતા માધ્યમિક શિક્ષણ બોર્ડના પરીક્ષા નિયામક મહેશ મહેતાએ જણાંવ્યુ હતુ કે વિજ્ઞાન પ્રવાહ અને સેમેસ્ટર પધ્ધતિ માર્ચ ૨૦૧૯ ના ઉમેદવારોની માર્કશીટ અને પ્રમાણપત્ર તથા ગુજરાત કોમન એન્ટ્રસ ટેસ્ટ ગુજકેટની માર્કશીટનુ જિલ્લાના નિયત વિતરણ સ્થળો પર ૯ મેં ના રોજ સવારે ૧૦ થી ૪ કલાક દરમિયાન કરવામાં આવશે. શાળાના આચાર્યોએ પોતાની શાળાનુ પરિણામ મુખ્ત્યાર પત્ર રજુ કરી મેળવી લેવાનુ રહેશે. ગુજરાત બોર્ડ સિવાયના અન્ય ઉમેદવારોની ગુજકેટની માર્કશીટ ટપાલ દ્વારા મોકલવામાં આવશે.

# પોષ્ટલ બેલેટની ગણતરી માટે ૪ મદદનીશ ચૂંટણી અધિકારીઓ નિમાશે

**ગણતરીકાર ઉપરાંત સુપરવાઈઝરોની પણ નિમણુંક કરવામાં આવનાર છે**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં પોષ્ટલ બેલેટની ગણતરી માટે ચાર મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિયુક્તી કરવામાં આવશે.

મળતી વિગતો મુજબ ૧૭ હજાર જેટલા પોષ્ટલ બેલેટ્સ ઈસ્યુ થયા હતા જે પૈકી ૭ હજાર જેટલા પોષ્ટલ બેલેટ્સ પરત આવી ગયા છે. આ ઉપરાંત દરેક વિધાનસભા વિસ્તારમાં જે ચૂંટણી કર્મીઓએ ચૂંટણી પૂર્વે મતદાન કર્યુ હતુ તે તેમજ સર્વિસ વોટર્સ સહિતના મત ગણવાના થાય છે.

પહેલીવાર કોર્ટના નિર્દેશ પછી દરેક વિધાનસભાના પાંચ ઈ.વી.એમ.માં પડેલા વોટ પણ ગણવાના હોવાથી ચાર મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિમણુંક કરવામાં આવનાર છે.

મતગણતરી માટે હવે ૨૨ દિવસ જેટલો સમય બાકી છે ત્યારે તંત્રએ હવે ગણતરીકારોની નિમણુંક તેમજ તેમની તાલિમ અંગેની કામગીરી હાથ પર લઈ લીધી છે. ગણતરીકાર ઉપરાંત સુપરવાઈઝરોની પણ નિમણુંક કરવામાં આવનાર છે.

ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં ૧૨ લાખથી વધુ મતદારોએ મતદાન કર્યુ હતુ અને ૧૮ રાઉન્ડથી વધુમાં ગણતરી થવાની હોઈ તંત્ર દ્વારા આ અંગેનું આયોજન આખરી કરવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે.

# ગરમીનો પારો છેલ્લા બે દિવસમાં ૩ ડીગ્રી ગગડયો : નગરજનોને રાહત

**ગઇકાલે સાંજે વાતાવરણમાં અચાનક પલ્ટો ઠંડા પવનની લહેરકી સાથે નગરજનોએ હાંશકારો અનુભવ્યો : મહત્તમ તાપમાન ૪૧.૨ ડીગ્રી નોંધાયુ**

ગાંધીનગર તા ૧

ગાંધીનગરમાં છેલ્લા એક સપ્તાહથી આક્રમક બનેલી ગરમીએ છેલ્લા બે દિવસથી મિજાજ બદલ્યો છે. ગઈકાલે મહત્તમ તાપમાન નીચે આવ્યા બાદ સાંજના સમયે પણ ઠંડા પવનની લહેરકીએ સૌને ઠંડક આપી હતી. જયારે આજે સતત બીજા દિવસે પણ ગરમીનો પારો દોઢ ડીગ્રી નીચે ઉતરતા મહત્તમ તાપમાન બે દિવસના અંતે ૪૪ થી નીચે ઉતરી ૪૧ સુધી પહોંચી ગયુ હતુ. શહેરીજનોએ પણ આકરી ગરમીમાં રાહત અનુભવી હતી.

શહેરીજનો છેલ્લા એક સપ્તાહથી ચામડીને દાહ આપતી આકરી ગરમીથી ત્રસ્ત છે. ગરમીએ હદ વટાવતા શહેરીજનો ઘરની બહાર નિકળવાનુ પસંદ કરતા નથી. આ સ્થિતિ વચ્ચે ગરમીનો મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. બીજીતરફ શહેરમાં બે દિવસમાં ગરમીનો પારો ૪૪ ડીગ્રી થી નીચે ઉતરીને ૪૧ પર પહોંચી જતા નગરજનોએ આકરી ગરમીમાં રાહત અનુભવી છે. છેલ્લા ચાર દિવસથી ગરમીનો પારો ૪૨ ડીગ્રીને પાર રહેતા શહેરીજનોએ અંગ દઝાડતી ગરમી વેઠવાનો વારો આવ્યો હતો. જયારે ગઈકાલે પણ મહત્તમ તાપમાન દોઢ ડીગ્રી ઘટતા નગરજનોએ પ્રમાણમાં રાહત અનુભવી હતી. ગઈકાલ સાંજથી જ વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો. મોડીસાંજ થી જ ઠંડો પવન ફુંકાતા શહેરીજનો દિવસની ગરમીના અંતે રાત્રિના ટહેલવા નિકળી પડયા હતા. સતત ગરમીના લીધે જનજીવન પણ પ્રભાવિત થયુ છે. જયારે ગરમીનુ જોર હળવુ થતા નગરજનોએ પણ હાંશકારો અનુભવ્યો હતો. આજે મહત્તમ તાપમાન ૪૧.૨ ડીગ્રી રહ્યુ હતુ. જયારે લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચેનો તફાવત પણ ઘટી ગયો હતો. સવારના સમયે ભેજનુ પ્રમાણ ૫૬ ટકા રહ્યુ હતુ. મોડી સાંજે શહેરમાં ઠંડક પ્રસરી હતી. હવામાન તજજ્ઞોના જણાંવ્યા મુજબ તા ૧ થી ૩ મેં ગરમીનો પારો નીચે ગગડશે. જેની અસર વાતાવરણ પર જોવા મળી રહી છે.

# આજે મનપા સ્થાયી સમિતિના ચેરમેનની નિયુક્તી હાથ ધરાશે

**ભાજપ મોવડીમંડળ નવા ચહેરાને સ્થાન આપશે કે જૂના ચહેરા ચલાવશે સમગ્ર શહેરના રાજકીય વર્તુળોમાં ભારે ઉત્તેજના વર્તાય છે**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગર પાલિકાની નવરચિત સ્થાયી સમિતિની આજે પ્રથમ બેઠક મળશે જેમાં સમિતિના ચેરમેનની નિમણુંક પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

મનપાની સ્થાયી સમિતિની રચના ચાર મહિના પહેલાં થઈ હતી પરંતુ કાનૂની વિવાદને પગલે તેની બેઠક મળી શકી ન હતી. આ પછી ચૂંટણી પંચે પણ સમિતિની પ્રથમ બેઠક યોજવા માટે મંજૂરી આપતાં આ અંગેનો સત્તાવાર એજન્ડા પણ જારી કરી દેવામાં આવ્યો છે.

સ્થાયી સમિતિના ચેરમેનપદ માટે આમતો ઘણા બધા દાવેદારો પક્ષમાં છે અને દાવેદારોએ પક્ષની નેતાગીરી સુધી તેમની રજુઆતો પણ પહોંચતી કરી દીધી છે.

મળતી વિગતો પ્રમાણે સવારે ૧૧ વાગે મનપાની સ્થાયી સમિતિના હોલમાં આ બેઠક મળશે અને બેઠક શરૂ થતાં પૂર્વે આ અંગેનો મેન્ડેટ પ્રદેશ સમિતિમાંથી આવશે. પ્રદેશમાં હાલ જે નામો ચર્ચામાં છે તેમાં દેવેન્દ્રસિંહ ચાવડા, મનુભાઈ પટેલ, નીતિનભાઈ પટેલ તેમજ કાર્તિક પટેલ અને બરખાબેન જહા તથા પ્રિતીબેન દવેના નામોનો સમાવેશ થાય છે.

સ્થાયી સમિતિના ચેરમેનની ચૂંટણી શહેરમાં રાજકીય ઉત્તેજનાઓ જગાવી દીધી છે. પક્ષનું મોવડીમંડળ નવા ચહેરાઓને સ્થાન આપે છે કે પછી જુના ચહેરાઓને જ આગળ ધરવા માંગે છે તેને લઈ રાજકીય ઉત્સુકતાઓ જોવા મળી રહી છે.

# જિલ્લામાં પીવાના પાણીની સ્થિતિ માટે પ્રભારી મંત્રીના અધ્યક્ષસ્થાને બેઠક મળશે

**પરબતભાઈ પટેલના અધ્યક્ષપદે મળનારી બેઠકમાં જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ હાજર રહેશે**

ગાંધીનગર, તા. ૧

જિલ્લામાં ચોમાસુ નિષ્ફળ જતાં ઉભી થયેલી પીવાના પાણીની સ્થિતિની સમીક્ષા માટે જિલ્લાના પ્રભારી રાજ્યમંત્રી પરબતભાઈ પટેલની અધ્યક્ષતામાં એક મહત્વની બેઠક મળશે.

જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આ અંગે મળનાર બેઠકમાં જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, પ્રાંત અધિકારીઓ, પાણી પુરવઠાના અધિકારીઓ, વાસ્મોના અધિકારીઓ, સિંચાઈના અધિકારીઓ, ઉર્જા વિભાગના અધિકારીઓ સહિતના અધિકારીઓ હાજર રહેશે.

જિલ્લામાં પીવાના પાણીના અટવાયેલા કામો અંગે પણ ચર્ચા કરાશે આ ઉપરાંત જળસંચય માટે સુજલામ્ સુફલામ અંતર્ગત ચાલતા કામોની પણ આ બેઠકમાં સમીક્ષા કરવામાં આવશે.

મળતી વિગતો મુજબ આ બેઠકમાં નર્મદાના પાણીની માંગ અંગે પણ ચર્ચાઓ કરવામાં આવશે. આ ઉપરાંત ગ્રામીણ વિસ્તારોમાં પેયજળની ગુણવત્તા બાબતે પણ કેટલાક પ્રશ્નો અંગે ચર્ચાઓ કરી નિર્ણય લેવામાં આવશે.

જિલ્લામાં વોટર બજેટીંગને લઈ થયેલ કામગીરી અંગે ચર્ચાઓ થશે એટલુ જ નહિ જિલ્લામાં ભૂગર્ભ પાણીની સ્થિતિ અંગે પણ ચર્ચા કરી સમીક્ષા કરવામાં આવશે. આ બેઠકમાં જિલ્લામાં જે કામો પાણીના અટવાયેલા છે તેની સ્થિતિ આજે શું છે તેની પણ સમીક્ષા કરાશે.

જિલ્લાકક્ષાએ પહેલીવાર આ વર્ષે પાણીની સ્થિતિને લઈ સમીક્ષા કરવામાં આવી રહી છે. આ ઉપરાંત દહેગામ તાલુકો જે અછત વિસ્તારમાં સમાવિષ્ટ નથી કરાયો તે માટે ખાસ કિસ્સામાં પણ પાણી પુરવઠાના કામો માટે નિર્ણય લેવાય તેવી શક્યતાના નિર્દેશ મળી રહ્યા છે.

દરમ્યાન આજે જિલ્લા વિકાસ અધિકારીએ પણ તાલુકા વિકાસ અધિકારીઓ સાથે ગ્રામ્ય વિસ્તારમાં પીવાના પાણીની સ્થિતિની સમિક્ષા કરી આ અંગે તેમનો અહેવાલ આપવા તાકીદ કરી હોવાનું જાણવા મળેલ છે.



ટ્રક પલ્ટી - ગાંધીનગરના પાદરે આજે એક રૂની ગાંસડી ભરેલી ટ્રક પલ્ટી ખાઈ ગઈ હતી... ટ્રક પલ્ટી ખાતા રૂની ગાંસડી માર્ગો પર વેરણછેરણ થઈ ગઈ હતી. જેના કારણે માર્ગ પરનો ટ્રાફીક અટવાઈ ગયો હતો.

# નરેન્દ્ર મોદીના ભાભી ભગવતીબેનનું નિધન

**બેસણું રવિવારે સિંધુભવન ખાતે**

અમદાવાદ,તા. ૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભાભી અને ગુજરાત રાજ્ય ફેર પ્રાઈસ શોપ્સ એન્ડ કેરોસિન લાઈસન્સ હોલ્ડર એસોસીએશનના પ્રમુખ પ્રહલાદ મોદીના પત્ની ભગવતીબેનનું આજે સવારે હૃદય રોગના હુમલાના કારણે દુઃખદ નિધન થતાં પરિવારજનો શોકની લાગણીમાં ગરકાવ બન્યા હતા. તો, બીજીબાજુ, ભાજપ સહિત રાજકીય વર્તુળમાં પણ ઘેરા શોકની લાગણી પ્રસરી હતી. સદ્ગતનું બેસણું રવિવારે સિંધુભવન ખાતે સવારે ૮થી ૧૧ દરમ્યાન રાખવામાં આવ્યું છે. ગુજરાત રાજ્ય ફેર પ્રાઈસ શોપ્સ એન્ડ કેરોસિન લાઈસન્સ હોલ્ડર એસોસીએશનના પ્રમુખ પ્રહલાદ મોદીના પત્ની ૫૫ વર્ષીય ભગવતીબેન મોદીને હાર્ટ એટેક આવતા તેઓનું નિધન થયું હતું. આજે સાંજે પાંચ વાગ્યે તેમના નિવાસસ્થાનથી અંતિમયાત્રા નીકળી હતી. જેમાં પરિવારજનો, સ્થાનિક આગેવાનો ઉપરાંત રાજકીય મહાનુભાવો પણ જોડાયા હતા.

# હાર્દિક અને નરેશભાઈના મતે પાટીદાર આંદોલન પૂર્ણ

**અનામત આંદોલનને લઇ પાટીદાર મતભેદ : કેસો પાછા નહી ખેંચાય ત્યાં સુધી આંદોલનને ચાલુ રાખવા મોડેથી હાર્દિકના સંકેતો : આંદોલન ચાલુ : લાલજી પટેલ**

અમદાવાદ, તા.૧

પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વીનર અલ્પેશ કથિરીયાને જેલ મુક્ત કરવાની માંગણી સાથે આજે દિનેશ બાંભણીયાએ રાજકોટ કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં પાસના કાર્યકરો હાજર રહ્યા હતા. દરમ્યાન હાર્દિક પટેલની હાજરીમાં રાજકોટમાં ખોડલધામ સંસ્થાના સરદાર પટેલ ભવન ખાતે બેઠક યોજાઈ હતી. જો કે, અનામત આંદોલનના મામલે પાટીદાર આગેવાનોના સ્પષ્ટ મતભેદ સામે આવ્યા હતા. હાર્દિક પટેલ અનએ ખોડલધામના નરેશ પટેલ દ્વારા એક તબક્કે પાટીદાર અનામત આંદોલનને પૂર્ણ થયાનું

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

જોઈએ છે
શ્રીમતી માણેકબા પ્રાથમિક શાળા
અડાલજ, જિ. ગાંધીનગર માટે
વ્યાયામ શિક્ષક
: લાયકાત :
સ્નાતક અને CPEd અથવા DPEd અથવા BPEd
લાયકાતના પ્રમાણપત્રો સાથેની અરજી સાથે તા. ૬/૫/૨૦૧૯ સુધીમાં સવારે ૯ થી ૧૧ દરમિયાન આચાર્યને રૂબરૂ મળો.
આચાર્ય
શ્રીમતી માણેકબા પ્રાયોગિક પ્રા. શાળા
અડાલજ, જિ. ગાંધીનગર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com